દિવાની પરચુરણ અરજી નં.૨/૨૦૨૨

**રીસ્ટોરેશન અરજમા થયેલ વિલંબ માફ કરવાની આંક-૧ની અરજ તળે હુકમ**

૧. અરજદારની હાલની અરજી દાખલ કરી જણાવેલ છે કે, અરજદાર તથા સામાવાળા નં.૧ સયુંકત કુટુંબના ભાઈઓ થાય છે તથા સામાવાળા નં.૨ એ વિવાદી મિલકત વેચાણ લીધેલ હોય તેમને સારી રીતે ઓળખે છે. અરજદારની મોજે ગામ સુજપુર, તા.દેત્રોજની સીમના સર્વે નં.૩૧/૧ વાળી મિલકત જેનુ ક્ષે.૦-૪૫-૫૩ વાળી જમીન વડીલોપાર્જીત તથા સયુંકત કુટુંબની કબજા-ભોગવટાની વણ વહેંચાયેલ જમીન છે. અરજદારની સયુંકત માલીકીની વણવહેંચાયેલી જમીનમા સામાવાળા નં.૧ એ વાદીની જાણ બહાર તથા સમતી વગર અન્ય ઈસમ પ્રતિવાદી નં.૨ ને બીન અધિકૃત રીતે વેચાણ આપવાની જાણ થતા વિવાદવાળી મિલકતનુ વેચાણ રજીસ્ટ્રેશન સામાવાળા નં.૨ નાઓને કરી દેવાની ધમકી આપતા હોય તથા પ્રયત્નો કરતા હોય જમીન દલાલોને જમીનના સ્થળ ઉપર આવી વિવાદવાળી જમીનનુ લોકેશન બતાવતા હોય અરજદારોને પાકો વિશ્વાસ અને ભરોસો થયેલ કે મજકુર વિવાદવાળી મિલકત સામાવાળા નં.૨ નાઓને ટ્રાન્સફર, એસાઈન કે વેચાણ કરે કરાવે નહી તે બાબતેનો વિરમગામ પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ સાહેબ કોર્ટમા દાવા અરજી દાખલ કરેલ. સામાવાળા નં.૧ વાદીઓ અભણ અને અશિક્ષિત હોય વાદીઓને સમજ કરેલ કે મજકુર વિવાદી જમીનનો તમારા ભાગનો અલગ રેવન્યુ રેકર્ડમા જુદો કરવા સારુ આ કાગળોમા સહી કરો તેમ કહી સહીઓ મેળવી લીધેલ અને આશરે ૧ માસ સુધી આ બાબતે કઈ કાર્યવાહી સામાવાળા નં.૧ એ ન કરતા રેવન્યુ રેકર્ડમા મામલતદાર કકચેરીમા તપાસ કરતા જાણવા મળેલ કે સામાવાળા નં.૧ એ વિવાદવાળી જમીનનો વેચાણ દસ્તાવેજ નં.૩૨૩/૨૦૧૩ તા.૧૩/૫/૧૩ થી કરેલ. જે દાવો ના. વિરમગામના સિનિયર સિવિલ જજ સાહેબશ્રી ની કોર્ટમાંથી પ્રીન્સીપાલ સિવિલ જજ સાહેબની કોર્ટમા ટ્રાન્સફર થઈ આવતા રે.દિ.મુ.નં.૧૨૭/૧૭ પડેલ. સદરહુ કામમા તા.૧/૩/૧૮ ના રોજ અરજદારની દાવા અરજી ડીસમીસ ફોર ડીફોલ્ટ થી દાવો કાઢી નાખેલ છે અને સદરહુ ઓર્ડરમા કોર્ટે એવુ લખેલ છે કે સદર કેસનુ રેકર્ડ જોતા દાવો વાદીના પુરાવા ઉપર છે. વાદીને નોટીસ આંક-૪૧ થી બજીને પરત આવેલ છે અને ત્યારબાદ આંક-૪૨ થી વાદીને વડીલ રોકવા માટે આંક-૪૨ થી વાદીએ વકીલ રોકવા માટે આંક-૪૨ થી એક મુદત પણ આપવામા આવેલ હોવા છતા આજરોજ વાદી કે તેઓના વકિલ હાજર નથી કે વાદી દ્વારા કોઈ પુરાવો પણ રજુ કરવામા આવેલ નથી. જેથી વાદીના કસુરને કારણે આ દાવો ડીસમીસ કરવાનો હુકમ કરવામા આવે છે.'' ઉપરોકત હુકમ બાબતે જણાવવાનુ કે વાદી પોતે કાયદાના અજ્ઞાન હોય આથી તેઓના દાવાનુ કામ વિ.વ.શ્રી અરવિંદ એ. બારોટ સંભાળતા હતા

અને તેઓએ તેઓને જણાવેલ કે સિવિલ દાવામા અરજદારે કોર્ટમા હાજર રહેવાની જરૂર નથી. આથી તેઓ કોર્ટ સમક્ષ હાજર રહેલ નહી અને તેમના વકિલશ્રીએ જયારે જયારે જરૂર પડે ત્યારે ફોનથી બોલાવી લેતા હતા પરંતુ અચાનક તેઓનુ તા.૨૦/૩/૧૯ ના રોજ અવસાન થયેલુ જેની તેઓને જાણ ન હતી. આથી કોર્ટે તેઓને આંક–૪૧ થી સમન્સ નોટીસ મોકલેલી. આથી તેઓ હાજર થયેલા અને તેની વકિલ રોકવા માટેની સાહેબના કહેવાથી મુદત અરજી આપેલી અને તેઓએ સાહેબને જણાવેલ કે આર્થિક રીતે અમો પછાત હોય આથી અમો વડીલ રોકી શકીએ તેમ ન હોય આથી તેઓને જણાવેલ કે અહી કોર્ટમા મફત સહાય કેન્દ્ર ચાલે છે ત્યાં તમે જઈને સઘળી વાત કરો આથી તેઓએ ત્યાં વાત કરતા ત્યાં બેઠેલા વકીલ સાહેબે જેનુ નામ અમો નથી જાણતા અને તેઓએ જણાવેલ કે અહી વી.પી.માં સહી કરી દો અને જયારે જરૂર પડશે ત્યારે જ તમારે અહી આવવાનુ રહેશે ખોટા ભાડા બગાડીને અહી તપાસ કરવા ન આવતા આ સિવિલ મેટર છે એટલે કે આ કેસ ચલાવવામા વાર લાગશે આથી ખુબ સમય જવા છતા કોઈ સમન્સ કે નોટીસ ન આવેલ હોવા છતા તેઓએ તા.૨૦/૯/૨૦૨૨ ના રોજ તેઓ કોર્ટમા સગાવાલા સાથે ગયેલ હોય ત્યારે તેમના કેસની તપાસ કરતા જાણવા મળેલ કે તેમનો કેસ નીકળી ગયેલ છે. આથી વકીલ મારફતે તેઓએ સર્ટીફાઈડનુ કામ કઢાવવા આપેલુ અને જેની નકલ મળતા તેઓને જાણવા મળેલ કે સદરહુ કામ સને ૨૦૧૮મા નીકળી ગયેલ છે. આથી તેઓ ખુબ ડઘાઈ ગયેલા અને નાછુટકે તેમના ન્યાય માટે હાલની અરજી કરેલ છે. વધુમા જો અરજદારની અરજી ગ્રાહય રાખવામા ન આવે તો અરજદારને ખુબ મોટુ નુકશાન જાય તેમ છે અને બીજા વધારાના લીટીગેશનમા ઉતરવુ પડે તેમ છે જેના કારણે સમય અને પૈસાનો વ્યય થાય તેમ છે. નામ. ગુજરાત હાઈકોર્ટન અને સુપ્રિમ કોર્ટના અસંખ્ય ચુકાદાઓ છે કે જયારે વ્યકિત કાયદાથી અજ્ઞાન હોય અને જેના કારણે ન્યાયનો હતો જળવાતો ન હોય તો કોર્ટે રહેમ રાહે ન્યાયનો હેતુ જાળવવો જોઈએ. વધુમા સદરહુ રીસ્ટોરની અરજી કરવામા અરજદારને ૪ વર્ષ ૭ માસ જેટલો ડીલે લાગેલ છે જે ડીલે તેમની અજ્ઞાનતા અને વકીલ સાહેબની માંદગી અને લાપરવાહીના કારણે અને તેમની કાયદાકીય અજ્ઞાનતા અને બદરકારીના કારણે લાગેલ છે અને જો આ ડીલે દુર કરવામા ન આવે તો તેઓ અરજદારે નાહકકના ખોટા ખર્ચા અને લીટીગેશનમા ઉતરવુ પડે તેમ છે. સબબ અરજી દાદ માંગેલ છે કે રે.દિ.મુ.નં.૧૨૭/૧૭ કોર્ટ સમક્ષ તેમને આગળની કાર્યવાહી ચલાવવા સારુ જે રીસ્ટોરેશનની અરજી કરેલ છે તે રીસ્ટોરશનની અરજી કરવામા અરજદારને ૪ વર્ષ અને ૭ માસ જેટલો ડીલે માફ કરવા અરજ કરેલ છે.

૨. સામાવાળા નં.૧ અને ૨ તરફે ડીલેકોન્ડોન અરજીનો જવાબ આંક–૮ થી રજુ કરી જણાવેલ છે કે અરજદારની અરજી ખરી નથી તેઓને કબુલ નથી. પેરા–૧ ની હકિકતો ખરી નથી. પેરા–૨ મા

જણાવેલ હકિકત ખરી છે, નામ. દેત્રોજ કોર્ટે તા.૧/૩/૧૮ના રોજ સદરહુ દાવા અરજી ડીસમીસ ફોર ડીફોલ્ટથી કાઢી નાખેલ છે અને ઓર્ડરમા કોર્ટે એવુ લખેલ છે કે સદર કેસનુ રેકર્ડ જોતા દાવો વાદીના પુરાવા ઉપર છે. વાદીને નોટીસ આંક-૧ થી બજીને પરત આવેલ છે અને ત્યારબાદ આંક-૪૨ થી વાદીને વકીલ રોકવા માટે આંક-૪૨ થી એક મુદત પણ આપવામા આવેલ હોવા છતા આજરોજ વાદી કે તેઓના વકિલ હાજર નથી કે વાદી ધ્વારા કોઈ પુરાવો પણ રજુ કરવામા આવેલ નથી. જેથી વાદીના કસુરના કારણે આ દાવો ડીસમીસ કરવાનો હુકમ કરવામા આવે છે. તા.૧/૩/૧૮. આમ વાદીના જણાવ્યા મુજબ સદરહુ દાવાની મુદત તેઓ હાજર થયા પછીની તા.૧/૩/૧૮ ના રોજની આપવામા આવેલ. તેઓ પોતે હાજર રહેલા અને તા.૧/૩/૧૮ ના રોજની મુદત પણ વાદીને પોતાને હતી અને ઉપરોકત મુદતે વાદી તેમના વકીલ રોકી હાજર રહેશે તેવી સમજ સાથેની જાણ તેઓને હતી અને તેઓ જાણીજોઈને કોર્ટમા હાજર નહી રહેવાથી અને પુરાવો રજુ નહી કરવાથી તેમને કસુરથી દાવો ડીસમીસ થયેલ છે. સદરહુ હુકમ થયેલ છે તે બાબતે વાદી પોતે સહમત છે પરંતુ વાદીએ તેમની અરજીમા જે જણાવેલ છે કે, પોતે કાયદાના અજ્ઞાન હતા અને તેમનુ કામ અરવિંદ એ. બારોટ કરીને સંભાળતા હતા અને તેઓએ તેમને જણાવેલ કે હાજર રહેવાની જરૂર નથી અને તેવા કારણસર તેઓ હાજર રહેલ નહી અને અચાનક તા.૨૦/૩/૧૬ ના રોજ તેમના વકીલનુ અવસાન થયેલ તેવી જે હકિકત દર્શાવેલ છે તે આ અરજી સાથે કોઈ નિસ્બતતા ધરાવતી નથી અને આંક-૪૧ થી કોર્ટે નોટીસ મોકલ્યા પછી તેઓ પોતે હાજર થયેલા છે અને નામ. કોર્ટના કહેવાથી મુદત અરજી આપેલી તેવુ જે જણાવેલ છે તેવી હકિકત માની શકાય તેમ નથી અને કોર્ટે તેઓ પછાત હોઈ મફત સહાય કેન્દ્રમા વાત કરવાનુ જણાવ્યા હોવાની હકિકત પણ માની શકાય તેમ નથી અને તેવી હકિકતનો સ્પષ્ટપણે ઈન્કાર છે તેમજ અરજદારની અરજીની એવી હકિકત ખરી નથી કે કોર્ટમા મફત સહાય કેન્દ્ર ચાલે છે ત્યાં વાત કરતા બેઠેલા વકીલ સાહેબ જેનુ નામ તેઓ જાણતા નથી તેઓએ વી.પી.મા સહી કરી દો તેવુ જણાવતા સહી કરી આપેલી અને જણાવેલ કે, જયારે જરૂર પડશે ત્યારે જ તમારે અહી આવવાનુ રહેશે, ખોટા ભાડા બગાડીને અહીં તપાસ કરવા ન આવતા, સિવિલ મેટર છે એટલે કેસ ચાલવામા વાર લાગશે. આથી ખુબ સમય જવા છતા કોઈ સમન્સ કે નોટીસ આવેલ ન હોવા છતા તેઓ તા.૨૦/૯/૨૨ ના રોજ કોર્ટમા સગા-વહાલા સાથે ગયેલ ત્યારે તેમના કેસની તપાસ કરતા જાણવા મળેલ કે તેમનો કેસ નીકળી ગયેલ છે. આવી તમામ હકિકતો ખોટી અને ઉપજાવી કાઢેલી હોઈ તેનો સ્પષ્ટપણે ઈન્કાર છે. વાદીના જ કહેવા મુજબ તેઓએ પહેલા અરવિંદભાઈ એ.બારોટ નામના વકિલને દાવામા રોકેલ છે. જો તેઓ આર્થિક રીતે પછતા હોત તો પ્રથમથી જ સ્વાભાવીક રીતે કાનુની સહાય હેઠળ મળવાપાત્ર વકિલ રોકયા

હોત. તેઓ પોતે વકીલ રોકવા સક્ષમ છે. તેવી હકિકત તેમના કથન ઉપરથી જ સ્પષ્ટ રીતે ફલીત થાય છે, એટલુ જ નહી પરંતુ કોઈપણ ઈસમે કાનુની સહાય મેળવીને વકીલ રોકવા હોય તો પ્રથમ તાલુકા કોર્ટને અરજી કરવાની હોય છે અને જે તે તાલુકા કોર્ટના જજ સાહેબ તે ચેરમેનશ્રી તરીકે હોઈ છે તેમજ અરજી સાથે આધારકાર્ડ, આવકનો દાખલો વિગેરે રજુ કરવાનુ હોય છે અને રૂા.૧ લાખ થી ઓછી આવક હોય તેવા મામલતદારનો દાખલો રજુ કરે તો જ કાનુની સહાય હેઠળ વકિલ મળી શકે છે. આવી હકિકત કાનુની સહાય મેળવવા માટેની હોવાથી અરજદારની હકિકત માની લેવાય નહી કે કોઈ વકિલ બેઠેલા જેનુ નામ આવડતુ નથી તેવુ જણાવેલ. જેથી પેરા–ર ની તાલુકા કોર્ટમાંથી વકિલ મેળવેલા અને નામ જાણ્યા વગરના વકીલે તેમની વી.પી.મા સહી મેળવેલી, આવવાની જરૂર નથી જણાવેલ છે તે હકિકત તદન ઉપજાવી કાઢેલ છે. જેથી તેઓ સ્પષ્ટપણે ઈન્કાર છે. કાયદાની અજ્ઞાનતા અને ગરીબીનુ કારણ ઉપજાવી કાઢેલ છે. સદરહુ અરજીમા ડીલેકોન્ડન કરવા બાબતે કોઈપણ જાતનુ યોગ્ય કારણ દર્શાવવામા આવેલ નથી તેમજ પોતે તા.૧/૩/૧૮ થી અરજી કરી ત્યાં સુધી એટલે કે ૪ વર્ષ ૭ માસ જેટલા સમય અરજી કરવામા વ્યતીત થયા બાબતનુ કોઈ કારણ દર્શાવવામા આવેલ નથી તેઓએ તેમના વકીલની માંદગી જે જણાવેલ છે તે વકિલતો કોર્ટમા દાવો ટ્રાન્સફર થયા પહેલાના ૨૦૧૬મા અવસાન પામેલ છે. ત્યારબાદ કોર્ટે નોટીસ આંક–૪૧ થી આપેલ છે. તેઓ હાજર થયા પછી પણ અન્ય વકીલ સાથે ૨૦૨૨ સુધી ૪ વર્ષ અને ૭ માસ જેટલો સમય ગયો ત્યાં સુધી કોર્ટમા હાજર રહેલ નથી. આમ કોઈપણ જાતનુ વ્યાજબી કારણ દર્શાવવામા આ અરજદાર નિષ્ફળ ગયેલ છે. જેથી સદહુ અરજી કોઈપણ જાતના યોગ્ય કારણ દર્શાવ્યા સિવાયની સ્પષ્ટ રીતે માલુમ પડતી હોઈ અને અરજદાર પોતે જ સદરહુ અરજી કરવામા બહુ ઉત્સુક હોય તેવુ પ્રથમ દર્શનીય જ દેખાતુ નથી અને ખુબ જ બેદરકારી દર્શાવેલ છે અને તેમની રજીમા અયોગ્ય કારણો દર્શાવેલ હોઈ પ્રથમ દર્શને રદ થવા પાત્ર છે. નામ. સુપ્રિમ કોર્ટ અને નામ. ગુજરાત હાઈકોર્ટે ડીલેકોન્ડન અરજીમા જો અરજદાર પોતે જ અરજી કરવામા બેદરકાર હોય અને તેમા જણાવેલ કારણો ખોટા દર્શાવેલ હોય અને કોઈ વ્યાજબી કારણ ન હોય તો રદ કરવી જોઈએ. તેના અનુસંધાને સામાવાળા તરફે નામ. સુપ્રિમ કોર્ટે મોહમ્મદશાહીદ અને બીજા વિ. રજીયાખાનના વારસોના કેસમા ૨૦૧૯ એ.આઈ.આર. (સિવિલ) પાન નં.૩૨ સિવિલ અપીલ નં.૧૦૩૮૯ /૨૦૧૮ ના કામે ચુકાદો આપેલ છે. તેનો આધાર રાખે છે અને સદરહુ ચુકાદા મુજબ અરજદાર પોતે જ જાણ હોવા છતા બેદરકારી બતાવે અને અરજીમા ખોટા કારણો દર્શાવી અરજી કરેલ હોય તો તેવી અરજી ગ્રાહય રાખી શકાય નહી. તદન ખોટી હકિકતો દર્શાવેલ છે અને ૪ વર્ષ ૭ માસ જેટલા સમય વ્યતીત થયાનો કોઈપણ પ્રકારનો વ્યાજબી ખુલાસો કે કારણ દર્શાવવામા આવેલ નથી.

જેથી ઉપરોકત ચુકાદો ધ્યાને લઈ અરજી રદ કરવી જોઈએ. તદઉપરાંત નામ.સુપ્રિમ કોર્ટે આવો જ સિંધ્ધાત એ.આઈ.આર. ૨૦૧૯ (સિવિલ) પાન નં.૫૭૧ ઠરાવેલ છેકે લીમીટેશન એકટની કલમ ૫ મુજબની ડીલ ેકોન્ડન એપ્લીકેશનમા વ્યાજબી કારણ દર્શાવ્યુ ન હોય તો ઘણા લાંબા સમયે કરવામા આવી હોય તો તેમા જણાવેલ હકિકત યોગ્ય રીતે દર્શાવેલ ન હોય ડીલેકોન્ડન કરી શકાય નહી. જેથી હાલની અરજી ખર્ચ સહીત રદ કરવા અરજ છે.

૩. અરજદારે હાલની અરજીમા રીસ્ટોરની અરજી કરવામા અરજદારને ૪ વર્ષ ૭ માસ જેટલો ડીલે લાગેલ છે જે ડીલે તેમની અજ્ઞાનતા અને વકીલ સાહેબની માંદગી અને લાપરવાહીના કારણે અને તેમની કાયદાકીય અજ્ઞાનતા અને બદરકારીના કારણે લાગેલ છે ૪ વર્ષ અને ૮ મહીના મોડી દાખલ થવાના કારણોમા એવુ કારણ જણાવેલ છે. પરંતુ અરજદારે ૪ વર્ષ અને ૭ માસ બાદ માત્ર વકિલશ્રીનુ કારણ જણાવી અને ડીલ ે કોન્ડન કરવા અરજ કરેલ છે. પરંતુ કોર્ટનો આંક-૧ તળેનો હુકમ વંચાણે લેવામા આવે તો ''કામ વાદીના ઉપર છે. વાદીને નોટીસ આંક-૪૧ થી બજીને પરત આવેલ છે અને ત્યારબાદ આંક-૪૨ થી વાદીને વકીલ રોકવા માટે મુદત પણ આપવામા આવેલ હોવા છતા આજરોજ વાદી કે તેઓના વશ્રી હાજર નથી કે વાદી ધ્વારા કોઈ પુરાવો પણ રજુ કરવામા આવેલ નથી. આમ દાવો ડીસમીસ કરતા પહેલા કોર્ટ ધ્વારા વાદીને હાજર રહેવાની જાણ કરવામા આવેલ અને તેમ છતા વાદી ધ્વારા પુરાવો રજુ નહી કરતા વાદીનો દાવો તા.૧/૩/૧૮ ના રોજ ડીસમીસ કરતો હુકમ કરવામા આવેલ છે. આમ વાદીને જાણ હતી કે તેમના વકિલ હાજર રહેતા નથી અને તેઓને કોર્ટની નોટીસ બજતા તેઓ કોર્ટ સમક્ષ હાજર પણ રહેલ છે. ત્યાર માત્ર વકિલશ્રીના કથનો પર ભરસો રાખી અને તેઓએ રીસ્ટોરેશન અરજીમા જણાવેલ ૪ વર્ષ ૭ માસનુ ડીલે મંજુર કરી શકાય નહી.

૪. આ કામે વિલંબ માફની અરજી સબંધે નામ. સુપ્રિમ કોર્ટના ચુકાદા **Lanka Venkateswarlu v. State of Andhra Pradesh and others, 2011 (4) SCC 363**, ને વંચાણે લેવુ જરૂરી છે જેમા નામ. સુપ્રિમ કોર્ટે ફરાવેલ છે કે.....

> Whilst considering applications for condonation of delay under Section 5 of the Limitation Act, the Courts do not enjoy unlimited and unbridled discretionary powers. All discretionary powers, especially judicial powers, have to be exercised within reasonable bounds,

known to the law. The discretion has to be exercised in a systematic manner informed by reason. Whims or fancies; prejudices or predilections can not and should not form the basis of exercising discretionary powers.

૫. વધુમા નામ. બોમ્બે હાઈકોર્ટના **2014 0 Supreme (Mah) 659 Chandrakant & Another V. The State of Maharashtra & Others** ના ચુકાદાના પેરા ૧૪ને વંચાણે લેવુ જરૂરી છે જેમા નામ. હાઈકોર્ટે ઠરાવેલછે કે ....

14) The provision of section 5 and the observations made by the Apex Court show that there are two considerations in section 5 of the Limitation Act. The provision needs to be considered from both the angles mentioned by the Apex Court. So far as the construction of expression “sufficient cause” is concerned, the law is well settled. Section 5 does not require a “good cause” but requires “sufficient cause” which is something more than good cause. The expression “sufficient cause” is not defined but it is laid down by various Courts that it must mean a cause which is beyond the control of the party invoking the section. Any cause which prevents the parties approaching the Court within time is sufficient. Here only it needs to be observed that the cause must have arisen within prescribed time and the cause must have continued beyond that. In ascertaining cause, the test of reasonable man in normal circumstance needs to be applied. The burden in this regard rests on the party seeking condonation of delay. He needs to discharge it by adducing evidence.

૬. નામ. અલ્હાબાદ હાઈકોર્ટે તેમના **2007 0 Supreme(All) 1415 KAILASH V. JUDGE, FAMILY COURT, AZAMGARH AND ANOTHER** ના ચુકાદામા જ્યાં ૧૭ દિવસનો વિલંબ થયેલ હતો તેમા નામ. હાઈકોર્ટે ઠરાવેલ છે કે...

His assertion is that he could not file revision in time due to illness of his father but taking into consideration the previous conduct of the applicant as well as the allegation regarding illness of his father, is not substantiated by any evidence, I do not find any good ground for allowing the application under Section 5 of the Limitation Act.

૯. ઉપરોકત તમામ ચુકાદાઓને ઘ્યાને લેતા એ હકિકત સ્પષ્ટ બને છે કે લીમીટેશન એકટની કલમ ૫ અનુસાર કોઈ અપીલ કે એપ્લીકેશન રજુ કરવામા થયેલ વિલંબ માફ માટેની અરજીમા તે વિલંબ માફ કરવા માટે અરજદારને થયેલ દરેક દિવસના વિલંબ સબંધેના પુરતા કારણો આપવાના હોય છે, પરંતુ આ કામે અરજદાર જે કારણ જણાવેલ છે તેમ તેઓ ઘ્વારા થયેલ ૪ વર્ષ અને ૭ માસના વિલંબ સબંધે કોઈ સંતોષકારક ખુલાસો કે તે અંગેના દસ્તાવેજી આધારો રજુ કરેલ નથી. આમ ઉપરોકત તમામ સંજોગો ઘ્યાને લેતા અરજદારોએ હાલની અરજી દાખલ કરવામા જે વિલંબ થયેલ છે તેનો કોઈ સંતોષકારણ ખુલાસો કરેલ ન હોય, ન્યાયના હીતમા નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

:: હુ ક મ ::

૧. અરજદારની હાલની મુદત દોષ માફની અરજી નાંમજુર યાને રદ કરવામા આવે છે.

૨. અરજદારે સામાવાળાને ખર્ચ ભોગવવો તથા પોતાનો ખર્ચ જાતે ભોગવવો.

આજરોજ તા. ૩૦/૧૧/૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

દેત્રોજ.
તા. ૩૦/૧૧/૨૦૨૪

(રવિ એસ. ટહેલીયાણી)
પ્રિન્સીપાલ સિવિલ જજ,
દેત્રોજ –જી.જે.૦૧૩૪૬